ડીસા બજાર સમિતિના નવા હોદ્દેદારોની બિનહરીફ વરણી

ગુજરાતભરમાં અગ્રેસર મનાતી ડીસા બજાર સમીતીના ચેરમેન તરીકે બનાસડેરી ના વાઇસ ચેરમેન માવજીભાઈ દેસાઈ સતત બીજી વાર બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે.જ્યારે વાઇસ ચેરમેન તરીકે કરશનભાઈ પટેલની પણ ચોથી વખત બિનહરીફ વરણી કરાઈ છે.ડીસા બજાર સમિતિના સંચાલક મંડળની ચૂંટણી સમરસ થયા બસદ ગતરોજ મંગળવારે પાટણના જિલ્લા રજીસ્ટારના અધ્યક્ષ સ્થાને તેમજ ડીસાના ધારાસભ્ય શશિકાન્તભાઈ પંડ્યા સહિત અન્ય બજાર સમિતિના સભ્યોની ઉપસ્થિતિમાં ડીસા માર્કેટયાર્ડના સભાગૃહ ખાતે બજાર સમિતિના ચેરમેન અને વાઇસ ચેરમેનની ચૂંટણી યોજાઇ હતી. જેમાં ચેરમેન પદ માટે એકમાત્ર માવજીભાઈ દેસાઈ તેમજ વાઇસ ચેરમેન પદ માટે કરસનભાઈ સતાભાઈ કણબીના એકએક ઉમેદવારીપત્રો જ રજુ થતા બંને હોદ્દેદારોને બિનહરીફ વિજેતા જાહેર કરાયા હતા. આ પ્રસંગે ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાએ ભાજપની જીતને વધાવી લઈ નવા સુકાનીઓને શુભકામનાઓ પાઠવી હતી.

પ્રાંતિજના અમીનપુરમાં છેલ્લા છ મહિનાથી ગટર ઉભરાતાં આક્રોશ

દુર્ગંધ મારતાં રહિશોના નાકના ટેરવા પણ ચટી જાય છે : મચ્છરજન્ય રોગ ફેલાય તો નવાઈ નહી

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના અમીનપુર ખાતે છેલ્લાં છ મહિનાથી ગટર ઉભરતા રહીશો દ્વારા રજુઆત કરવામાં આવી છતાં નઠોર તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં ના આવતા રહિશોમાં રોષ જોવાં મલ્યો છે તો આખરે રહીશોએ મીડીયાનો સહાર લીધો.

પ્રાંતિજના અમીનપુર ખાતે ઇન્દિરાનગર વિસ્તાર માં છેલ્લાં છ મહિનાથી ગટર લાઇનનું પાણી ઉભરાતાં રહીશોનું રહેવું મુશ્કેલ બન્યું છે. પંચાયતમાં રહીશો દ્વારા રજુઆતો છતાં કોઈજ કાર્યવાહી હાથ ના ધરાતાં સ્થાનિક રહીશોમાં મચ્છરજન્ય રોગો સહિત રાત્રીનાં સમયે દુર્ગંધ મારતા આજુબાજુમાં આવેલ મકાનમાલિકોને રહેવું મુશ્કેલ બન્યું છે. દુર્ગંધ રહેતાં રહીશોના નાકના

ટેડવા પણ ચડી જાય છે તો બીજી બાજુ રોડ ઉપર ગટરનું ગંદુ પાણી જતાં ગામમાં પ્રવેશદ્વાર આર.સે.સી રોડ ઉપર ઠેર-ઠેર મોટા મસ ખાડા પડી ગયાં છે. ખાડામાં ગટરનું પાણી ભરાતાં વાહન ચાલકો ખાડામાં પટકાય છે. બીજી બાજુ રહીશો દ્વારા રજુઆતો કરવા છતા પંચાયત કોઈ જ કાર્યવાહી હાથ ધરવામાં આવતી નથી અને રહીશોને કહેવામાં આવે છે કે આની કોઇ ગ્રાન્ટ આવતી નથી અને ગ્રાન્ટ આવશે એટલે જોઈશું તો આ અંગે પંચાયતનો સર્પક કરતાં પંચાયત મહિલા તલાટી દ્વારા આ અંગે કાંઇ પણ બોલવાનું ના પાડી હતી અને પંચાયતમાંથી મારે કામ છે તેમ કહીને ચલતી પકડી હતી. પંચાયત બહાર પંચાયત કે ગામનું નામ પણ દેખાતુ નથી તે જોતા જ પંચાયત લોકહિતના કામોમાં કેટલો રસ દાખવે તે સ્પષ્ટ જોઇ શકાય છે તો આ અંગે સરપંચને પુછતાં તેવો પણ કેમેરા સામે જુઠું બોલતાં નજરે પડયા હતાં અને કહેવા લાગ્યા કે હું હમણાં જ બે માણસોને મુકીને આવ્યો છું તેવું જુઠું બોલતાં નજરે પડ્યા હતા.

રહીશોનું શું કહેવું છે

ઇન્દીરાનગરના રહીશોનું કહેવું છેકે છેલ્લાં છ મહિનાથી ગટરો ઉભરાય છે અને અનેકવાર પંચાયતમાં રજુઆતો કરી છતાં પંચાયત દ્વારા કોઇ રસ લેવામાં આવતો નથી. નિયમીતપણે વેરો ભરવા છતા અમારી સાથે અન્યાય થાય છે તો બીજીબાજુ પંચાયતમાંથી કહેવામાં આવે છે કે આ અંગે કોઈ જ ગ્રાન્ટ આવતી નથી ગ્રાન્ટ આવશે એટલે કરી આપીશું.

પંચાયતની કેવી સ્થિતિ છે

પંચાયતમાં દિવાલ ઉપર કે બહાર ગેટ ઉપર કોઈ પંચાયતનું ઓળખબોર્ડ નથી જે પંચાયતનું પોતાનું અસ્તિત્વનું કે પોતાનું ગામનું કે પંચાયતનું ઓળખ બોર્ડ જ ના હોય તે પંચાયત ગામ હિત માટે કેવા કામ કરતું હશે તે તો તે ઉપરથી જ સ્પષ્ટ પણે જણાઈ આવે છે.

મહિલા તલાટીનું શું કહેવું છે

આ અંગે તેવોનો સંપર્ક કરતાં તેવોએ આ અંગે કાંઇપણ બોલવાની ના પાડી હતી અને મારે કામ છે તેમ કહીને સરપંચ ઉપર ઢોળીને પંચાયતમાંથી ચાલતી પકડી હતી.

સરપંચનું શું કહેવું છે

તો આ અંગે સરપંચનો સંપર્ક કરતાં તેવો ખોટું બોલતા નજરે પડ્યા હતાં અને કહેવા લાગ્યાં કે આજે જ બે મજુર મુકીને આવ્યો છું તેમ કહીને લુલો બચાવ કરતાં નજરે પડ્યા હતાં.

હિંમતનગર પાલિકાના વ્યવસાય વેરાની આવકમાં વધારો થયો

પાલિકા દ્વારા વસુલાત પેટે ૭.૫ કરોડ ભેગા કરાયા

હિંમતનગર, તા. ૩

૩૧ માર્ચ ૨૦૧૮ના રોજ નાણાંકીય વર્ષ પૂર્ણ થતુ હોવાના કારણે હિંમતનગર નગરપાલિકા દ્વારા વેરા વસુલાત માટે ઘોંસ બોલાવીને કડક ઉઘરાણી કરાતા પાલિકાને નાણાંકીય વર્ષમાં વેરા વસુલાત થકી રૂ. ૭.૫ કરોડની આવક થવા પામી છે. તેમજ વ્યવસ્યા વેરાની પણ ગત વર્ષ કરતા આ વર્ષે રૂ. ૬ લાખની વધુની આવક થઈ છે.

આ અંગે પાલિકાના ચીફ ઓફીસર પાંચભાઈ માળી, હિતેશભાઈ રાવલ, હેમતભાઈ ઘુવાડ, અરૂણભાઈ પ્રજાપતિ તથા અન્ય ખાતાઓના વડાઓના જણાવાયા મુજબ ૩૧ માર્ચના રોજ નાણાંકીય વર્ષ પૂર્ણ થયા અગાઉ પાલિકાના ટેક્ષ વિભાગ દ્વારા બાકીદારો પાસેથી વેરાની વસુલાત કરવાની કામગીરી સઘન બનાવવામાં આવી હતી. જેના ભાગરૂપે અનેક બાકીદારોની મિલ્કતો પણ સીલ કરીને નળ કનેકશન કાપવાની કરાયેલી કામગીરીને કારણે હિંમતનગરના બાકીદારોએ નગરપાલિકામાં આવી સામે પગલે ટેક્ષની ચુકવણી કરી હતી. જેથી પાલિકાને છેલ્લા દિવસ સુધીમાં ૭.૫ કરોડની આવક થવા પામી છે. જેથી પાલિકાએ ૯૦ ટકા વેરા વસુલાત કરતા પદાધિકારીઓએ ટેક્ષ વિભાગના કર્મચારીઓને કામગીરીને બિરદાવી હતી.

તો બીજી તરફ હિંમતનગર નગરપાલિકાને વ્યવસાય વેરા થકી ગત વર્ષ કરતા ચાલુ વર્ષે રૂ. ૬ લાખથી વધુની આવક થવા પામી છે. નગરપાલિકાને થયેલી આવક બાદ છેલ્લા ૮ વર્ષથી વહીવટી ગૂંચને કારણે અટકી પડેલા ટેક્ષના ૪૦૦ બાકી બીલોની ચુકવણી કરાઈ છે. ૩૧ માર્ચના રોજ નગરપાલિકાને વિકમી કહી શકાય તેટલી રૂ. ૩૦ લાખની આવક થવા પામી છે.

સાબરકાંઠા જિલ્લામાં ૨૯૪૪ પ્રમોલેગેશન કરી પ્રોપટીકાર્ડ ઇસ્યૂ કરાશે

રાજયમાં જમીન મહેસૂલ કાયદા અન્વયે ગામતળ કે ગ્રામ્ય વિસ્તારના હદ ઉપરાંતના વિસ્તારના બિનખેતી વિસ્તારમાં ગામઠાણ મોજણી સીટી સરવેમાં સમાવેશ થતો ન હતો. જેથી ખાતેદારોને પારવાર મુશકેલી પડતી હતી. જેથી બિનખેતી પરવાનેદારોને ૭-૧૨ અને ૮-અના નમૂનામાંથી મુક્તિ આપી સરળીકરણ કરી પ્રોપર્ટીકાર્ડ ઇસ્યૂ કરવા માટે પ્રમોલેગેશન કરવાનો રાજ્ય સરકારના સુતત્ય નિર્ણય લેવામાં આવ્યો. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર વોર્ડ ખુલ્લા મુકવામાં આવ્યા જેમાં પ્રાયોગિક ધોરણે ઇડરમાં ૫૬, હિંમતનગરમાં ૪૧, તલોદમાં ૨૨ અને ખેડબ્રહ્મા તાલુકામાં એક મળી કુલ ૧૨૦ વોર્ડ ખુલ્લા મુકવામાં આવ્યા છે. જેમાં ૬૨૧૭ ડેટા એન્ટ્રી કરી તમામને નોટીસ ઇસ્યૂ કરી વાંધાસૂચનો મંગાવવામાં આવ્યા હતા.

સ્ટેટ મોનીટરીંગ સેલ પોલીસે શામળાજી નજીકથી કન્ટેનરમાંથી ૪૬.૫૮ લાખનો શરાબ ઝડપ્યો

શામળાજી, તા. ૩

ગુજરાત રાજ્ય પોલીસ વિભાગની શાખા સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે સોમવારની રાત્રીએ અરવલ્લી જીલ્લાના શામળાજીના શ્યામલવન નજીકથી બાતમીના આધારે હરિયાણા પાર્સીંગના "બેટી બચાવો બેટી પઢાઓ" સ્લોગન વાળા ટ્રક-કન્ટેનરમાંથી ગેરકાયદેસર વગર પાસ પરમીટની વિદેશી દારૂ અને બીયરના ટીન નંગ-૧૧૫૫૩ જેની કુલ કીં. રૂ. ૪૬૫૮૫૫૦નો જથ્થો જપ્ત કરી ટ્રક-કન્ટેનરની કીં. રૂ. ૨૦૦૦૦૦૦ તથા મોબાઈલ નંગ-૨ કીં. રૂ. ૧૫૦૦૦ મળી કુલ રૂ.૬૬૭૩૫૫૦નો મુદ્દામાલ કબ્જે કરી શામળાજી પોલીસ સ્ટેશને સુપ્રત કરતા શામળાજી પોલીસે વિદેશી દારૂ ભરી લાવનાર ફરાર ટ્રક-કન્ટેનર ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. સ્ટેટ મોનીટરીંગ સેલે અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર અને શામળાજી પોલીસને ઉંઘતી રાખી પ્રોહીબીશનની કાર્યવાહી કરતા જીલ્લા પોલીસબેડા માં હડકંપ મચ્યો હતો.

ઊંઝા માર્કેટ યાર્ડમાં જીરૂ-વરીયાળીની ખૂબ આવક

માર્ચ આખરમાં વેપારીઓને વાર્ષિક હિસાબો કરવાના હોઈ એક સપ્તાહ સુધી ઊંઝા માર્કેટયાર્ડ બંધ રહ્યું હતું. બાદ આજે ઊંઝા બજાર ખુલતાં બહારથી રવિપાકોની ખેડૂત માલોની ચિક્કાર આવકો થઈ હતી. સ્થાનિક બજારમાં ગુજરાત અને રાજસ્થાનમાંથી મસાલાની ચીજ જીરાની અંદાજે સાઈઠ હજાર બોરીની આવક થઈ હતી. જ્યારે વરિયાળીની આવક લગભગ સત્તાવીસ હજાર બોરીની રહી હતી. ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાંથી ઈસબગુલની આવક અંદાજે ચાલીસ હજાર ગુણી જેટલી થવા પામી હતી. જીરા અને ઈસબગુલના પાકનું આ વર્ષે વધારે ઉત્પાદન થયેલ હોઈ હવે આગામી દિવસોમાં નવા માલોની આવકો વધશે તેવુ વેપારીઓનું માનવુ છે. આ બંને પાકોના વધુ ઉત્પાદનો થવાથી તેના ભાવો ખાસ્સા ઘટીને તળિયાની સપાટી પર આવી ગયા છે. ભાવોમાં નોંધપાત્ર ઘટાડો થતાં આર્થિક રીતે સક્ષમ મોટા ખેડૂતો માલો વેચવામાં થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી રહ્યા છે.

દરમિયાન સિઝનલ ઘરાકી હાલ માપની છે. ભાવોમાં કડાકો બોલાયો છે. તેમ છતાં બજારમાં સ્ટોકિસ્ટો માલનો વધુ સ્ટોક કરવામાં સાવચેતી રાખી રહ્યા છે. આગામી દિવસોમાં નાણાંભીડ ઉભી થવાની સંભાવના છે. બીજુ ભાવો નીચા હોવા છતાં પરદેશની વધુ માંગ નીકળી નથી. મસાલાની ચીજ વરિયાળીના પાકનું વાવેતર ઓછુ થયુ હતુ. જેના કારણે સ્ટોકિસ્ટો પાસે જૂના માલનો સ્ટોક વધુ પડ્યો હોઈ ભવિષ્યમાં માલની અછત ઉભી થાય તેવુ જણાતુ નથી. વરિયાળીમાં સિઝનલ ઘરાકીના ટેકે સામાન્ય વધઘટે ભાવ જળવાયેલા છે. એપ્રિલમાં આવક વધશે એટલે ભાવ થોડા ઘટશે તેવી શક્યતા જોવાય છે.

પ્રાંતિજના મોયદ ખાતે મહિલા દાઝી જતાં સારવાર અર્થે ખસેડવામાં આવી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મોયદ ખાતે મહિલા દાઝી જતાં તેને પહેલાં મોયદ પી.એસ.સી ખાતે અને વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવી હતી. પ્રાંતિજ પોલીસસ્ટેશન પરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના મોયદ ખાતે રહેતી પરણિત મહિલા સુધાબેન પ્રવિણસિંહ રાઠોડ ઉ.વર્ષ- ૨૦ કે જેવો શરીરે દાઝી જતાં તેવોને મોયદ ખાતે આવેલ પી.એચ.સી ખાતે લઇ જવામાં આવ્યાં હતાં અને ત્યાંથી વધુ સારવાર અર્થે ૧૦૮ મારફતે હિંમતનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસને મોયદ પી.એચ.સી.ના હાજર તબીબી જૈમીન એલ. દેસાઇ દ્વારા કરવામાં આવતાં પ્રાંતિજ પોલીસ દ્વારા ફરીયાદ નોંધી આગળી તપાસ હાથ ધરી છે.

માલપુર પોલીસે તાંત્રિક વિધિના બહાને યુવતી ઉપર બળાત્કાર ગુજારનાર ફરાર ભુવાને દબોચ્યો

ઘટનાનું રિકસ્ટ્રકશન કરી સ્થળ પરીક્ષણ પોલીસે આરોપી સાથે રાખી કર્યું

માલપુર, તા. ૩

મહિસાગર જિલ્લાની સગીર યુવતી ઉપર માલપુરના વાત્રક નદીના કોતરમાં બળાત્કાર ગુજારવાનો આરોપી કાન્તિભાઈ અરજણભાઈ ભરવાડ (રહે. રમાણા, તા. ધનસુરા)ને માલપુર પોલીસે ઝડપી લઈ મેડીકલ પરીક્ષણ અર્થે મોકલી આપ્યો હતો. ભૂવો પકડાતાં તેને જોવા માટે લોકટોળાં ઉમટયાં હતાં. જ્યારે રીમાન્ડ દરમ્યાન કળીયુગી ભૂવાએ કેટલી મહિલાઓને પોતાની હવસનો શિકાર બનાવ્યો છે તેની વિગતો બહાર આવે તેવી સંભાવના છે.

મહિસાગરના સંતરામપુરના એક પરિવારને ઘરમાં શાંતિ માટે કોઈએ તાંત્રિક વિધિનો નુસ્ખો બતાવતાં પરિવાર રમાણાના ભુવાજી કાન્તિ ભરવાડના સંપર્કમાં આવ્યા હતા અને ગત તા. ૨૨ના રોજ વાત્રકનદીના કોતરમાં વિધિના બહાને દંપતિને લઈ જઈ તેના પતિને માઝૂમ નદીમાં પાણી અર્પણ કરવા મોકલી આપ્યો હતો અને યુવતી ઉપર મરજી વિરૂદ્ધ

બળાત્કાર ગુજાર્યો હતો. આખરે ભૂવાના અસલી કરતૂતોનો પર્દાફાશ થઈ જતાં માલપુર પોલીસે ઈ.પી.કો. કલમ-૩૭૬ તથા પોક્સો એક્ટ-ક-૪, ૮, ૧૨ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જ્યારે બાળ લગ્નનો પણ આ સાથે જ પર્દાફાશ થયો હતો. માલપુર પી.એસ.આઈ. કે.ડી. બ્રહ્મભટ્ટે ભૂવાને ઝડપી પાડવા ઠેકઠેકાણે છાપા માર્યા હતા, પરંતુ સફળતા મળી ન હતી જેમાં ગત રોજ તે પોતાના ઘરે હોવાની બાતમી મળતાં માલપુર પોલીસે છાપો મારી તેના સબંધીની હાજરીમાં અટકાયત કરી છે તેમજ તેના મેડીકલ પરીક્ષણ માટે મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો છે. ત્યારબાદ રીમાન્ડ મેળવી વધુ વિગતો મેળવવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

અમરનાથ યાત્રાના ટુર ઓપરેટર, ડ્રાઈવર અને યાત્રાળુઓ માટે જરૂરી સૂચનાઓ બહાર પડાઈ

ગાંધીનગર, તા.૩

જમ્મુ અને કાશ્મીર સરકાર દ્વારા દર વર્ષે અમરનાથ યાત્રાનું આયોજન કરવામાં આવે છે. ગુજરાત રાજ્યમાંથી ઘણી મોટી સંખ્યામાં દર વર્ષે શ્રદ્ધાળુઓ અમરનાથ યાત્રામાં દર્શનાર્થે જતા હોય છે. યાત્રાળુઓની સલામતી અને સુરક્ષાને ધ્યાનમાં રાખી રાજ્યના વાહન વ્યવહાર કમિશનરશ્રી દ્વારા જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવી છે.

જેમાં શ્રી અમરનાથ યાત્રાની સ્પેશીયલ પરમીટ માટે ટુર ઓપરેટરોએ તથા ઓલ ઈન્ડિયા પરમીટ ધરાવતા ઓપરેટરોએ એડવાન્સમાં અમરનાથ યાત્રા બોર્ડ માટેના યાત્રાળુઓના રજીસ્ટ્રેશનની યાદી તેમના માન્ય રજીસ્ટ્રેશન ફોર્મ સાથે સંબંધિત આરટીઓને રજુ કરવાનું રહેશે, ત્યારબાદ જ જે તે ટુર ઓપરેટરને યાત્રા માટે પરમીટ આપવામાં આવશે. અમરનાથ યાત્રામાં ડ્રાઈવર તરીકે જોડાનાર શારીરિક રીતે તંદુરસ્ત હોવા જોઈએ અને તેમની ઉંમર ૫૦ વર્ષથી વધારે ન હોવી જોઈએ. ડ્રાઈવરે શારીરિક યોગ્યતા માટે ડોક્ટરનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. ડ્રાઈવરે જમ્મુ-કાશ્મીર અને સરકારે નક્કી કરેલા **route, convoy, secutiry** અને **time** મુજબ જ વાહન ચલાવવાનું રહેશે. ડ્રાઈવર કોઈ પણ સંજોગોમાં જમ્મુ-કાશ્મીર એડમીનીસ્ટ્રેશન દ્વારા નક્કી કરવામાં આવેલ સ્ટાન્ડર્ડ, ઓપરેશન પ્રોસીજર **(sop)** ની વિરુધ્ધમાં કોઈ વર્તન વ્યવહાર કરશે નહી. વાહનને ત્યાંની સરકારે નિયત કરેલ જગ્યા ઉપર જ રોકાણ કરવાનું રહેશે.

વધુમાં વાહનના લોકેશન મળી રહે તે માટે **GPS vehicle locator** બસમાં ફીટ કરેલું જરૂરી હોવું જોઈએ. ઈમરજન્સી ઉપસ્થિત થાય ત્યારે યાત્રાળુઓ કે ડ્રાઈવર કે વાહનમાલિક ગુજરાત રાજ્યના મહેસુલ વિભાગના કન્ટ્રોલ રૂમના નંબર (૦૭૯) ૨૩૨૫૧૯૦૩, ૨૩૨૫૧૯૦૦ તથા તોલ ફ્રી નંબર (૦૭૯) ૧૦૭૦ તથા ફેક્સ નંબર(૦૭૯) ૨૩૨૫૧૬૧૨ અને ૨૩૨૫૧૬૧૬ દ્વારા ગુજરાત સરકારમાં સંપર્ક કરી શકશે. આ તમામ નંબરો બસમાં પણ ડીસપ્લે કરવાના રહેશે. યાત્રીઓએ પરમીટની સાથે પોતાનું ઓળખકાર્ડ અને ડ્રાઈવીંગ લાયસન્સ રાખવું જરૂરી છે. અન્ય રાજ્યોના પ્રિ-પેઈડ સીમકાર્ડ જમ્મુ કાશ્મીર અને યાત્રા ક્ષેત્રમાં કામ કરશે નહી જેથી યાત્રીઓ બેઝ કેમ્પમાં પૂર્વ સીમકાર્ડ ખરીદી તેનો ઉપયોગ કરવાનો રહેશે. કોઈપણ પ્રકારની સહાયતા માટે નજીકના યાત્રા નિયંત્રણ ખંડના એસએબીએસ કેમ્પ ડીરેક્ટરનો સંપર્ક કરવાનો રહેશે. આ અંગે વધુ માહિતી **www. shria marnathjishrine.com** પરથી ઉપલબ્ધ થશે તેમ વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

હેલ્લો ફ્રેન્ડ્સ! ● યોથા પાનાનું ચાલું...

હતા. કારણ માત્ર એટલું જ કે એમની મનુ સુખી રહેવી જોઈએ...

પારિજાતને ખબર હતી કાલથી અલાર્મ નહીં, જવાબદારી એને ઉઠાડવાની હતી. કપડાંની કયારેય ઘડી નહોતી વાળી, અહીં તો આખા સંસારની ઘડી વાળવાની હતી. ટચ સ્કિન ચોંટેલી રહેતી આંગળીઓ રોટલી વણવાની હતી અને કદાચ દાઝવાની પણ હતી... મમ્મીના સ્વાદના વારસાને સાસરે ચખાડવાની જવાબદારી અને પિયરનો ઉદ્ધાર ના થાય એનો ભાર લઈને પારિજાત જવાની હતી... પારકા ઘરને પોતાનું કરવા જઈ રહેલી પારિજાતને આજે પોતાના ઘરની કિંમત સમજાઈ રહી હતી. દીકરીને પિયર કેમ વહાલું હોય છે? એ કદાચ આજે જોઈ રહી હતી...

ચૂંટલો :

પિયર એ દીકરીને હાશકારો આપતું સ્વર્ગ સમાન ઘર છે. પિયર ગરીબ હોય કે અમીર દીકરી માટે હંમેશા આકર્ષતું રહ્યું છે. લગ્ન સંસારની અવિરત જવાબદારી વચ્ચે જયારે થોડોક વિશ્રામ લેવાની ઈચ્છા થાય ત્યારે તે પિયરની વાટ પકડે છે... જે ઘરમાં ધીંગા-મસ્તી, દાદાગીરી, મનમાની કરી હોય છે, એ જ ઘર પિયર બનતાં વધારે વહાલું લાગે છે.

ઝાટકણી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એક્ટની જોગવાઈ સાથે કોઇ ચેડા કરાયા નથી. નિર્દોષ લોકોને ભયભીત કરવાના હેતુસર આ કાયદાની જોગવાઈઓનો ઉપયોગ કરી શકાય નહીં. ફરિયાદ દાખલ કરવાના આધાર પર તરત ધરપકડ કરવાની બાબત બિલકુલ યોગ્ય નથી.

સુપ્રીમ કોર્ટે દલિત આંદોલનની પરોક્ષરીતે ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, હિંસા ઉપર ઉતરેલા લોકો ગેરમાર્ગે દોરાયેલા છે. સુપ્રીમે એમ પણ કહ્યું છે કે, એસસી-એસટી એક્ટમાં ઉલ્લેખ કરવામાં આવેલા ગુનાઓને લઈને સ્પષ્ટ નોંધ લેવામાં આવી છે. ઈન્ડિયન પીનલ કોડમાં હત્યા અને અન્ય નોંધ લેવા લાયક ગુનાઓના કેસ એફઆઈઆરની નોંધણી પહેલા તપાસની જરૂર હોતી નથી.

ચુકાદા પર અડગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સજા થવી જોઈએ નહીં. એનડીએ સરકારે ગઈકાલે તેના આદેશના સંદર્ભમાં ફેરવિચારણા કરવાની માંગ કરીને અરજી દાખલ કરી હતી. સુપ્રીમ કોર્ટે તેના આદેશમાં કેટલીક સ્પષ્ટ વાત કરી હતી. એસસી-એસટી એક્ટ હેઠળ ગુનેગારો કેસોની નોંધણી અને ઓટોમેટિક ધરપકડ ઉપર પ્રતિબંધ મુકવાનો સુપ્રીમે આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે આજે કેટલાક કારણો આપતા સ્પષ્ટ વાત કરી હતી. સુપ્રીમ કોર્ટે સ્ટે આપવાનો ઈન્કાર કરતા કહ્યું હતું કે, તેઓ એક્ટની વિરુદ્ધમાં નથી. નિર્દોષ લોકોને બચાવવામાં આવે તે જરૂરી છે. એક્ટને કમજોર કરવાનું કામ કરવામાં આવ્યું નથી પરંતુ ધરપકડ અને સીઆરપીસીની જોગવાઈઓના સંદર્ભમાં નવી પરિભાષા નક્કી કરી છે. સુપ્રીમ કોર્ટે તરત ધરપકડની જોગવાઈને લઈને કહ્યું છે કે, તેનો હેતુ નિર્દોષ લોકોને બચાવવા માટેનો રહ્યો છે. નિર્દોષ લોકોના મૂળભૂત અધિકારોનું રક્ષણ થાય તે જરૂરી છે. સુપ્રીમ કોર્ટે આ મામલાની ખુલ્લી અદાલતમાં સુનાવણી કરતા કહ્યું હતું કે, એસસી-એસટી એક્ટની જોગવાઈ સાથે કોઇ ચેડા કરવામાં આવ્યા નથી. સુપ્રીમ કોર્ટની બે જજની બેંચે કહ્યું હતું કે, તે આ એક્ટની વિરુદ્ધમાં નથી પરંતુ નિર્દોષ લોકોને સજા મળવી જોઈએ નહીં. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું છે કે, કોર્ટની બહાર શું થઈ રહ્યું છે તેની સાથે તેને કોઇ લેવા દેવા નથી. કોર્ટનું કહેવું છે કે, તેનું કામ કાયદાકીય બાબતો ઉપર વાત કરવાનું રહ્યું છે. બંધારણ હેઠળ કાયદાના મૂલ્યાંકનનું તેનું કામ રહેલું છે. કોર્ટે એમ પણ કહ્યું છે કે, એસસી-એસટી એક્ટમાં પીડિતોને વળતર આપવામાં વિલંબ થશે નહીં. આના માટે એફઆઈઆરની રાહ જોવાની જરૂર નથી. કેન્દ્ર સરકાર તરફથી વારંવાર ૨૦મી માર્ચના ચુકાદા પર સ્ટે મુકવાના આદેશને કોર્ટે ફગાવી દીધો હતો. એટલું જ નહીં સુપ્રીમ કોર્ટે દેખાવકારોની પણ ઝાટકણી કાઢી હતી. એસસી-એસટી એક્ટ ઉપર સુપ્રીમ કોર્ટના હાલના ચુકાદાના સંદર્ભમાં કેન્દ્ર સરકારે ફેરવિચારણા અરજી દાખલ કરી હતી. કેન્દ્ર સરકારે આ ચુકાદાની સામે આપવામાં આવેલા ભારત બંધ દરમિયાન થયેલી હિંસાની વાત કરીને સ્ટેની વાત કરી હતી.

સંવેદનશીલ છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એસસી-એસટી અટકાયત ધારાની કલમોમાં ચકાસણી થઈ રહી છે. આ કલમને વધારે મજબૂત કરવામાં આવી રહી છે. સિંહે એમ પણ કહ્યું હતું કે, અનામતના મુદ્દાના સંદર્ભમાં વ્યાપક અફવાઓ ફેલાઈ ચુકી છે જે ખોટી અને આધાર વગરની છે. સરકાર એસસી-એસટી સમુદાયના હિતોના રક્ષણ માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે. રાજનાથસિંહે એમ પણ કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના આદેશ બાદ લોકોમાં વ્યાપક નારાજગી પ્રવર્તી રહી હતી. ગૃહ મારફતે તેઓ ખાતરી આપવા માંગે છે કે, ભારત સરકાર આ કેસમાં કોઈપણ રીતે પાર્ટી તરીકે નથી. લોકો શાંતિ જાળવી રાખે તે ખુબ જરૂરી છે. ૨૦મી માર્ચના દિવસે સુપ્રીમ કોર્ટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અટકાયત ધારાની જોગવાઈઓને બદલી હતી અને કહ્યું હતું કે, સરકારી કર્મચારીઓની પ્રાથમિક પરવાનગી વગર ધરપકડ થઈ શકશે નહીં. ખાનગી નાગરિકોની પણ ધરપકડ થઈ શકશે નહીં. કાયદા હેઠળ તપાસ બાદ જ કોઈ વ્યક્તિની ધરપકડ થઈ શકશે. સુપ્રીમ કોર્ટના આ ચુકાદા બાદ કેટલીક દલિત સંસ્થાઓ ગઈકાલે ભારત બંધની હાકલ કરીને હિંસા ઉપર ઉતરી આવી હતી. ભારત બંધ દરમિયાન દેશના જુદા જુદા રાજ્યોમાં વ્યાપક હિંસા થઈ હતી. જે દરમિયાન માર્ગો અને રેલવે ટ્રેક પર નાકાબંધી કરવામાં આવી હતી. અનેક રાજ્યોમાં હિંસા થઈ હતી. આ હિંસામાં ૧૦થી વધારે લોકના મોત થયા હતા. બિનસત્તાવારરીતે ૧૩ લોકોના મોત થયા હતા. જો કે, આજે સરકારે આઠના મોતના અહેવાલને સમર્થન આપ્યું હતું. રાજનાથસિંહે ગૃહ મારફતે લોકોને ખાતરી આપી હતી.